અનાવિલોને....
સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ

અનાવિલ લગ્ન વિષયક ગ્રુપમાં ભાઈશ્રી બિન્દેશ દેસાઇએ કરેલ જાહેરાતના સંદર્ભમાં Anavil World ની website દ્વારા આશરે ૧3000 અનાવિલો સમક્ષ મારાં સંક્ષિપ્ત વિચારો પ્રસ્તુત કરું છું.

અનાવિલોની ઉત્પત્તિ, ઇતિહાસ, અનાવિલ મહાનુભાવો, અનાવિલોની ખુબીઓ અને ખામીઓ અંગે તો લેખન, વાંચન અને ચર્ચાઓ અવારનવાર થતી જ રહે છે, જે મિથ્યાભિમાન માટે નહિં પરંતુ ગૌરવ માટે આવશ્યક છે. પરંતુ તેના કરતાં પણ વિશેષ મહત્વનો વિચારવિનિમય આજ અને આવતી કાલની સમસ્યાઓ અને તેના નિરાકરણ અંગે હોય શકે. અનેક અનાવિલોએ શ્રી. અંબેલાલ જી. દેસાઇ ( વલસાડ) નું દક્ષિણ ગુજરાતના અનાવિલો ( ૧૯૬૯) પુસ્તક તથા તેનું અંગ્રેજી ભાષાંતર ( શ્રી. હકૂમતભાઇ દેસાઇ તથા શ્રી. હરીશભાઇ દેસાઇ દ્વારા ૧૯૯૫માં) વાંચેલ હશે. તે પુસ્તકનું પુન:લેખન ડો. ઇશ્વરચંદ્ર દેસાઇએ કરેલું.તેજરીતે વલસાડના શ્રીમતી બકુલાબેન દેસાઇ ઘાસવાલાનાં પુસ્તક " પારણાથી પાલખી" માં તટસ્થતાથી સુધારાઓનો સમાવેશ કરવામાં આવેલો. તેમજ ડો. ભરતભાઇ દેસાઇ ( બિલ્લીમોરા) ના બ્લોગ તેમજ જુના અનાવિલ પોકાર તથા હાલના જય શુક્લેશ્વર સામયિકમાં અનેક લેખકોના અનેક લેખો વાંચ્યા જ હશે. ૧૯૯૭ માં Social Transformation in India - Essays in Honour of Prof. I. P. Desai - edited by Ghanshyam Shah- Rawat Publication Jaipur) પ્રસિદ્ધ થયેલ. જેમાં Social Change and the Marriage System of the Anavil Brahmins of South Gujarat નામનો essay પ્રસિધ્ધ થયેલ. પરંતુ વિશેષ આનંદ અને ગૌરવની બાબત તો વિદેશીઓ દ્વારા પણ મોડી વહેલી લગભગ નામશેષ થવા તરફ ( પારસીઓની માફક) જઇ રહેલ અનાવિલ જ્ઞાતિ અંગે વિશેષ રસ દર્શાવવામાં આવેલ છે. જે પૈકી ઇન્ડોનેશીઆમાં જન્મેલ અને નેધરલેન્ડમાં સ્થળાંતર પામેલ Amsterdam University ના Anthropology Department ના Associate Professor Klass William Van der Veen (1930-2016) નામના સંશોધકે Hypergamy (marrying up of wealthy low caste woman with a man of higher caste but from financially weak class) among Brahmin Families in Gujarat -India વિષય પર Ph.D. Research કરેલ અને ૧૯૬૯માં Doctoral Dissertation તૈયાર કરેલ અને ૧૯૭૦ માં તેમનું પુસ્તક- I Give Thee My Daughter (જેનું અંગ્રેજીમાં ભાષાંતર ૧૯૭૨ માં થયેલું) અને ૧૯૭3માં A study of Marriage and Hierarchy among Anavil Brahmans of South Gujarat) પ્રસિધ્ધ થયેલુ. તેમના Research Project for purely scientific purpose અને Field workને નેધરલેન્ડની સંસ્થાએ નાણાકીય મદદ કરેલ.અને વડોદરાની M.S. Uni. ના પ્રો. આઈ.પી. દેસાઇ અને પ્રો. એમ. બી. દેસાઈએ મદદ કરેલી.

કોઈપણ સમાજના ભુતકાળ, વર્તમાન અને ભવિષ્ય ના હકારાત્મક અને નકારાત્મક એમ બન્ને પાસાઓ હોય છે. વિચાર વિમર્શ અને અસરકારક અમલીકરણ દ્વારા નકારાત્મક અંસરોને ન્યુનતમ કરી શકાય.

અનાવિલ સમાજના ભૂતકાળના હકારાત્મક પાસાઓમાં (૧) મોટી સંખ્યામાં ખેતીની જમીન ધારણ કરનારાઓ (૨) મોટા ભાગના ક્ષેત્રોમાં અગ્રણીઓનું આધિપત્ય (3) સંયુક્ત કુટુંબો (૪) પરસ્પર

આદર અને લાગણી (૫) કરકસર , મહેનત,સંતોષ અને નીતિમત્તા (૬) સસ્તું અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ (૭) દારુમાંસાહાર , બીડી સિગારેટ ,માવા વગેરેનુ પ્રમાણ નહિંવત(૮) ગુણવત્તાયુક્ત મનોરંજન (૯) સાદો પૌષ્ટિક આહાર

. નકારાત્મક બાબતો- (૧) કુરિવાજો- બાળલગ્ન, દહેજ, વિધવા વિવાહનો પ્રતિબંધ (૨) ઉચ્ચ શિક્ષણ અને મહિલા શિક્ષણ તેમજ સ્વાતંત્ર્યનું ઓછું પ્રમાણ (૩) ભૌતિક સુવિધાઓનો અભાવ અને અગવડો (૪) વધુ બાળકો (૫) સંગઠન માટે માધ્યમોનો અભાવ

હવે વર્તમાનની વાત કરીએ તો પ્રથમ નજરે ભૂતકાળની ઉપર દર્શાવેલ પાંચેય નકારાત્મક બાબતો મહદ અંશે દુર થયેલ જણાશે. હવે આપણી જાતને પુછવા જેવો પ્રશ્ન એ છે કે- આપણો સમાજ આપણા પૂર્વજો કરતાં ખરેખર સુખી છે? જો ઉત્તર નકારાત્મક હોય તો બીજો પ્રશ્ન છે- શા માટે? આ બીજા પ્રશ્નનો સીધો સાદો જવાબ એ જ છેકે ભૂતકાળની પાંચ નકારાત્મક બાબતોની સાથે સાથે નવ હકારાત્મક બાબતો પણ દિન પ્રતિદિન નાશ પામી રહી છે!

નવીન માહિતી, જ્ઞાન, સંશોધનો, આવશ્યકતાઓ, અવલોકનો અને અનુકરણ વિગેરે કારણોસર વ્યક્તિના અને સમાજના વિચારો અને જીવનશૈલીમાં પરિવર્તન એ સ્વાભાવિક પ્રક્રિયા છે. પરંતુ આવા પરિવર્તનોની ટુંકા ગાળાની તેમજ લાંબા ગાળાની હકારાત્મક અને નકારાત્મક અસરો અંગે સતત વિચારગોષ્ઠી અત્યંત આવશ્યક છે. અને કેટલીક બાબતોને “ અનિવાર્ય અનિષ્ટ “ તરીકે સ્વીકારવી પડે છે. જ્ઞાતિપ્રથા અંગે વ્યક્તિઓના ત્રણ અલગ અભિગમો જોવા મળે છે- (૧) કટ્ટર જ્ઞાતિવાદ (૨) જ્ઞાતિવાદનો કટ્ટર વિરોધ અને (૩) મધ્યમ અભિગમ. વૈશ્વિકરણ, વસુધૈવ કુટુંબકમ્, ભારતીય રાજ્યબંધારણ, માનવાધિકાર વિગેરે જ્ઞાતિવાદને પુષ્ટિ આપતા નથી. પરંતુ દુઃખદ વાસ્તવિકતા એ છે કે પંચાયતથી પાર્લામેન્ટની ચુંટણીઓમાં કટ્ટર જ્ઞાતિવાદ જોવા મળે છે અને લગ્ન કે જેના દ્વારા યુગલના બન્ને પરિવારો આજીવન જોડાય છે તેમાં જ્ઞાતિપ્રથાને દિન પ્રતિદિન તિલાંજલિ આપવામાં આવી રહી છે! અલબત્ત તેના અનેક કારણો છે- જેવા કે અભ્યાસ તથા નોકરી દરમ્યાન મોટા શહેરોમાં કે વિદેશોમાં અન્ય જ્ઞાતિના યુવક યુવતિ સાથેના ઘનિષ્ટ સંબંધ, અપેક્ષાઓ અને વિચારોની સમાનતા વિગેરે. જ્ઞાતિમાં જ લગ્ન થવા જોઇએ તેવી માન્યતા પાછળનો તર્ક એ છે કે સરખા વાતાવરણ, રિવાજો, ટેવો વગેરેને કારણે અનુકુલનમાં વિશેષ સરળતા રહે.

દીર્ઘદ્રષ્ટિ, મહેનત, ધીરજ ,આયોજન અને કરકસરના અભાવે તથા સામાજિક પ્રસંગોમાં શક્તિ બહારના ખર્ચાઓને કારણે અનેક અનાવિલ પરિવારો જમીનવિહોણા થયા. જમીનનું સંકટ સમયની સાંકળ તરીકે મહત્વ છે. સંવેદનશીલ યુવાનને તાત્કાલિક નોકરી ન મળે અથવા ગુમાવે કે પુરતી આવક ન હોય ત્યારે ડીપ્રેશનનો ભોગ ન બંને કે આપઘાત જેવું પગલું લેવા ન પ્રેરાય.

દિન પ્રતિદિન પારસીઓની માફક વસતિમાં થઇ રહેલા ઘટાડાને કારણે તેમજ જ્ઞાતિમાં સંપ અને સંકલનના અભાવે , લગ્ન કરવામાં વિલંબ, માત્ર એકાદ સંતાન, આંતર જ્ઞાતિય અને આંતર રાષ્ટીય લગ્નો, વિદેશોમાં અને અન્ય રાજ્યોમાં નોકરી ધંધાર્થે કાયમી વસવાટ, વરસો જુની જ્ઞાતિ આધારીત અનામત પ્રથા, ભ્રષ્ટાચાર વગેરે કારણે લોકશાહી તંત્રમાં બહુમતીને અભાવે સમાજે મોટા ભાગના ક્ષેત્રોમાં આધિપત્ય ગુમાવેલ છે. અલબત્ત હાલમાં થોડી સજાગતા અને સક્રીયતાને કારણે થોડો ફેરફાર જણાય છે છતા રાજકારણીઓ અનાવિલોનો દુરુપયોગ ન કરી જાય તે જોવું રહ્યું.

સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ સમજવાની અસમર્થતા, પરિવારના સભ્યો વચ્ચે આદર અને લાગણીનો અભાવ, સ્વાર્થ , ઇર્ષ્યા, અહમ વગેરે કારણોસર સંયુક્ત કુટુંબો તુટતા જાય છે જેના કારણે પરિવારના સભ્યોની વિવિધ કુશાગ્રતાનો લાભ લઇ શકાતો નથી. અલબત્ત નોકરી ધંધાર્થે જુદા થવું પડે તેવા વ્યાજબી કારણો પણ હોય છે. તેજરીતે સહનશીલતાના અભાવે તેમજ જુનવાણી વિચારસરણીના આધિપત્યની કોશીષને કારણે લગ્નવિચ્છેદનું પ્રમાણ વધી રહેલ છે.

શિક્ષણ ખર્ચાળ હોવાથી તેમજ મુલ્યલક્ષી તેમજ આત્મનિર્ભર બનાવે તેવું ન હોવાથી તેમજ  કેટલાંક પરિવારો સસ્તું શિક્ષણ મળી શકે તેમ હોવા છતાં દેખાદેખી ખર્ચાળ શિક્ષણ પસંદ કરતા હોય છે અને ઘણા વડીલો પણ બાળકોને મુલ્યલક્ષી સંસ્કાર આપવામાં નિષ્ફળ પુરવાર થઈ રહેલ છે.

અનાવિલ પરિવારોમાં દિનપ્રતિદિન વ્યસનો તથા માંસાહારે પગપેસારો કરેલ છે જે લગ્ન સમયે અવરોધ પેદા કરે છે તેમજ શારિરીક અને આર્થિક પાયમાલી તરફ દોરી જાય છે.

અનેક પરિવારો આવક  મુજબ ખર્ચની અગ્રતા અને પ્રમાણ નક્કી કરવામાં નિષ્ફળ જાય છે અને કેટલાક પરિવારો સરકારની અયોગ્ય નીતિઓને કારણે પણ લાયકાત હોવા છતાં નોકરી ધંધો મેળવી શકતા નથી. હલકા  અને ખર્ચાળ મનોરંજનનું આંધળું અનુકરણ પણ થતું જોવા મળે છે.

નવી પેઢી સ્વાસ્થ્યને વિપરીત અસર કરતા અને ખર્ચાળ અને અનિયમિત આહાર વિહાર તરફ વળી રહી છે તેમજ પુરતા શારિરીક શ્રમના અભાવે તબીબી ખર્ચ નો ભોગ બંને છે.

તાર્કિક દ્રષ્ટિએ વિચારીએ તો ઇન્ટરનેટના યુગમાં મહિલાઓના શિક્ષણ અને સ્વાતંત્ર્યમાં થયેલ નોંધપાત્ર વધારાના સંજોગોમાં અને કેટલાક સામાજિક કાર્યકરોના પ્રયાસો જોતાં લગ્ન માટેના યોગ્ય જીવનસાથી સરળતાથી પ્રાપ્ત થવા જોઇએ અને લગ્નવિચ્છેદનું પ્રમાણ પણ ન્યુનતમ હોવું જોઈએ. પરંતુ વાસ્તવિકતા અલગ જ છે. આજે અનેક યુવકો અને યુવતીઓ ૨૫-૨૬ વર્ષની વયે પણ લગ્નગ્રંથીથી જોડાવા તૈયાર હોતા નથી.અલબત્ત યુવકોએ તો નોકરી ધંધામાં સ્થિર થઇને પુરતી નિયમિત આવક, મકાન વગેરેની વ્યવસ્થા કરવાની હોય છે પરંતુ સદનસીબે તેવા પ્રંશ્નો ન હોય તો ૨૪-૨૫ વર્ષની વયે લગ્ન માટે સંમતિ આપવી જોઈએ. જેથી પરિવારના વડીલો- મા બાપ વગેરે વૃદ્ધાવસ્થાને કારણે અશક્ત બંને તે પહેલા તેઓની મદદથી સંતાનોનો યોગ્ય ઉછેર કરી શકે તેમજ પત્ની સાથે હરીફરી શકે અને પોતે પણ પોતાની સામાજિક જવાબદારીમાંથી સમયસર મુક્ત થઈ શકે. બીજી બાબત વધુ પડતી અપેક્ષાઓ અંગેની છે. યુવક યુવતિ અને બન્નેના પરિવારોએ દેખાવ, આવક, મિલ્કત વગેરે અંગે વધુ પડતી અપેક્ષાઓ ન રાખવી જોઇએ અને સંભવિત અનુકુલન અંગે માનસિક સજ્જતા રાખવી જોઇએ. આજકાલ જન્માક્ષર મેળાપને વધુ પડતું મહત્વ આપવામાં આવે છે. પરંતુ તે કેટલે અંશે ભરોસાપાત્ર છે તે વિચારણા માંગી લે તેવી બાબત છે. કદાચ તેને વિજ્ઞાનની એક વિશ્વાસપાત્ર શાખા તરીકે સ્વીકારવામાં આવે તો પણ જન્મસમયની ચોક્કસતા અને જન્માક્ષર બનાવનારની અને મેળાપ કે ફળકથન કરનારની કુશાગ્રતા પર પણ આધાર રાખવો પડે. વિશેષ મહત્વ તો સ્વભાવ, ચારિત્ર્ય, હોંશિયારી અને સ્વાસ્થ્ય ને આપવું જોઇએ. વિવાહ અને લગ્ન વચ્ચે પુરતો સમયગાળો રાખવો જોઇએ જેથી યુગલ એકબીજાને પુરેપુરા સમજી શકે અને લગ્ન જેવી ગંભીર અને અગત્યની બાબત અંગે યોગ્ય અને અંતિમ નિર્ણય લઇ શકે. અને વડીલોએ બીનજરુરી દખલ ન કરવી જોઇએ. નિખાલસતા અને સચ્ચાઈ સ્વસ્થ વૈવાહિક સંબંધનો પાયો છે.

આજકાલની મોંઘવારી, ઉચ્ચ જીવનધોરણ, ભવિષ્યના પડકારો, અનિશ્ચિતતાઓ, આયોજન વગેરેને ધ્યાનમાં લેતાં યુવાનો માટે નોકરી સાથે પારિવારિક મિલ્કત જાળવવાનો તેમજ યુવતિઓ માટે ઘરેલું જવાબદારીઓ અને નોકરી વચ્ચે સમતુલા જાળવવાના પડકારો છે.

જય શુક્લેશ્વરમાં તેમજ Facebook માં અનેક Groups માં લગ્નવિષયક વિગતો આવે છે તે પ્રશંસાને પાત્ર છે. પરંતુ હજી આવશ્યક જણાય તેવી બાબતો માટે સમાજ દ્વારા Counselling Centres નું વિચારી શકાય અને તે માટે સ્વૈચ્છિક સેવા આપી શકે તેવા મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, કાયદાના ક્ષેત્રના તજજ્ઞોની સેવા લઇ શકાય. વધુમાં સમાજનો વિસ્તૃત સર્વે અને તેની online પ્રસિધ્ધિ પણ આવશ્યક જણાય છે.

○